INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૨-૦૨-૨૦૨૪**

- **ધર્મપ્રેમી સનાતની ભક્તોની આસ્થાને વારંવાર ઠેસ પહોંચાડતી ભાજપ સરકાર**
- **ધર્મ અને આસ્થાના પ્રતિક અંબાજી ખાતે આવેલ ૫૧ શક્તિપીઠમાં પ્રાણ પ્રતિષ્ઠા પછી પણ "માં શક્તિ" થાળથી વંચિત...**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કોકન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ 2024 નું આયોજન કરવામાં આવી રહ્યું છે. 12મીથી 16મી ફેબ્રુઆરી સુધી અંબાના ચરણોમાં 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ યોજાશે. જેમાં મોટી સંખ્યામાં માઇ ભક્તો આ પરિક્રમામાં આવશે. અંબાજી ખાતે મુખ્યમંદિર સિવાય બીજા ૬૧ મંદિરો (51 શક્તિપીઠ સહિત ) દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. જેની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવી છે. 51 શક્તિપીઠ મંદિરોનું લોકાર્પણ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવેલ હતું. પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી પણ અંબાજી મંદિરમાં પરમ આસ્થા ધરાવતા હતા, આ શક્તિ મંદિરોમાં કોરોના પહેલા માતાજીને વિધિવત રીતે ભોજન થાળ ધરાવવામાં આવતો હતો પરંતુ કોરોના દરમિયાન મહામારી ના બહાને ઉપરોક્ત રાજભોગ થાળ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા બંધ કરી દેવામાં આવેલ હતો ત્યારબાદ માઇ ભક્તોની વારંવાર રજૂઆત બાદ પણ આ રાજભોગ ધરાવવા માટેના શાસ્ત્રોક્ત વિધિ વિધાન હજુ પણ શરૂ કરવામાં આવેલ નથી.

સનાતન ધર્મી સમાજ, સંસ્થા અને માઇ ભક્તો તથા લોકલ સ્થાનિક આગેવાનો દ્વારા રજૂઆત કર્યા પછી માત્ર 80 ગ્રામ મોહનથાળનું ચોસલું ધરાવવાનું ચાલુ કરવામાં આવેલ છે પરંતુ આ એકપણ મંદિરોમાં માતાજીને થાળ કે રાજભોગ ધરાવવામાં આવતો નથી. શાસ્ત્રોક્ત વિધીવિધાન મુજબ પ્રાણપ્રતિષ્ઠા કરેલી મુર્તિઓને જીવંત ગણી તેમને થાળ ધરાવવો ફરજીયાત હોય છે. પરંતુ 51 શક્તિપીઠ મંદિરમાં  થાળ તો ઠીક પરંતુ માતાજીના વસ્ત્રો અને શણગાર બદલવામાં આવતા નથી. ઉપરોક્ત 61 મંદિરોમાં માત્ર 35 પુજારી સેવા આપી રહાં છે.

અંબાજીમાં પવિત્ર યાત્રાધામ બોર્ડ દ્વારા લાઇટ એન્ડ સાઉન્ડશોમાં એમ કહેવામાં આવે છે કે ઉપરોક્ત 51 શક્તિપીઠમાં વિધિ વિધાનથી પૂજા થાય છે અને જે પ્રમાણે અસલ શક્તિપીઠમાં પૂજા કરવામાં આવે છે એ જ પ્રમાણે પૂજા કરવામાં આવે છે પરંતુ હકીકત એ છે કે વિધિ વિધાનનો સૌ પ્રથમ નિયમ એ માતાજીને થાળ ધરાવવાનો હોય છે વળી આ 51 શક્તિપીઠ મંદિરોમાં માત્ર 34 પૂજારી હોવાથી વિધિ વિધાન થી વિધિઓ અને વસ્ત્ર બદલવાનું પણ અઘરું બની ગયું છે.

કોરોના સમયે દેવસ્થાન ટ્રસ્ટે પરિપત્ર દ્વારા  કોરોના વાયરસની પરિસ્થિતિ અંકુશમાં ન આવે ત્યાં સુધી ગબ્બર પરિક્રમા માર્ગના મંદિરોમાં તથા દેવસ્થાન હસ્તક દ્વાર હસ્તકના પેટા મંદિરોમાં પ્રસાદ તરીકે રેવડી સિંગ સાકર ધરાવી માતાજીને શાસ્ત્રોક્ત વિધિ વિધાનથી પ્રસાદ ભોગ ધરાવવાનું  તેમજ પરિસ્થિતિ અંકુશમાં આવ્યા બાદ પુનઃ ખાતાના થાળ/રાજભોગ ચાલુ કરવાનું જણાવેલ હતું પરંતુ હજી સુધી કોઈ નિર્ણય લેવાયેલ નથી.

પત્રકારમિત્રો સાથે ધર્મ અને આસ્થા બાબતના વિષય પર વધુ ચર્ચા કરતા પ્રવકતાશ્રીઓએ જણાવ્યું હતું કે અધિકારીઓ ધર્મની બાબતમાં મુખ્યમંત્રીશ્રીને પણ છેતરી રહા છે વર્ષ 2009માં રજીસ્ટર થયેલ વેબસાઇટને અલગ અલગ રીતે વારંવાર અનાવરણ કરીને જનતાના દાનના રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો છે. ભૂતકાળમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે વેબસાઇટ અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટની એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. ત્યારબાદ 2022માં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના હસ્તે પવિત્ર યાત્રાધામ ટ્રસ્ટની એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી

હતી. વળી પાછી ફરીથી તાજેતરમાં કલેકટરશ્રીએ અંબાજીની વેબસાઈટનું ઉદ્ઘાટન કર્યું અને એ જ પ્રમાણે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ Ambajitemple.in નામની વેબસાઈટનું લોન્ચિંગ કર્યું ભૂતકાળમાં અનાવરણ કરવામાં આવેલી મુખ્યમંત્રી શ્રી રૂપાણી દ્વારા એપ્લિકેશન આજે કોઈ જગ્યાએ ઉપલબ્ધ નથી અને શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલી પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની એપ્લિકેશનમાં માત્ર 5000 ડાઉનલોડ થયેલા છે અને 2022 પછી અપડેટ પણ થયેલી નથી. છેલ્લા દસ વર્ષથી વેબસાઈટ ઈનોગ્રેશન કરતી વખતે કહેવામાં આવે છે કે અંબાજીના દર્શન અને પૂજા તથા આરતી લાઈવ વેબસાઈટ પર દેખાડવામાં આવશે પરંતુ હજી સુધી ambajitemple.in ની વેબસાઈટમાં આવા પ્રકારની સુવિધા ઉપલબ્ધ થઈ નથી માત્રને માત્ર ભાવિક ભક્તોના દાનથી આવેલા રૂપિયાની અલગ અલગ પ્રકારે અવ્યવહારુ રીતે વાપરવાની નીતિ દેખાઈ રહી હોય એમ લાગી રહ્યું છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ભક્તોએ આપેલા દાનના નાણાં છેલ્લા 11 વર્ષમાં 21 લાખ થી વધુ રૂપિયા વી.આઈ.પી. મહેમાનો, મંત્રીઓ, અધિકારીઓ, મંત્રીઓના સગાઓ, અધિકારીઓના સગાઓ, સંબંધિઓની ખાવા-પીવાની સરભરા માટે વાપરી નાખવામાં આવ્યાં. જેની માહિતી આર.ટી.આઈ. દ્વારા મેળવવામાં આવેલી છે અને જાગૃત નાગરિક દ્વારા ચેરિટી કમિશનરમાં ફરિયાદ પણ કરવામાં આવેલ છે. એજ પ્રમાણે ગબ્બરમાં લાઈટ અને સાઉન્ડ શો દરમ્યાન માતાજીની દિપ આરતી માટે 10 રૂપિયા કોઈપણ જાતના ઠરાવ કે આદેશ વિના 'શક્તિ સેવા કેન્દ્ર ટ્રસ્ટ' દ્વારા વસુલવામાં આવી રહ્યાં છે. આ ટ્રસ્ટને અંબાજીની ઘણીખરી મોકાની જમીનો પણ આપી ફાળવી દેવામાં આવ્યાં છે અને તેમાં પણ એક મોટુ કૌભાંડ હોય તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. થોડા સમય પહેલા અંબાજી મંદિરના પટાંગણમાં આવેલી યજ્ઞશાળામાં માઈક પર બોલાતા શ્લોક ધ્વનિ પ્રદુષણ ફેલાવી રહ્યાં છે એમ કહીને માઈક અને સ્પીકર ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો તેનો પણ ઉગ્ર વિરોધ થયો હતો અને અધિકારીઓએ પાછીપાની કરવી પડી હતી.

ભૂતકાળમાં સોમનાથ ટ્રસ્ટની અંદર પણ લાઈટ એન્ડ સાઉન્ડશોની ખરીદીનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. જેની તપાસના આદેશ શ્રી પી.કે. લહેરીએ આપ્યા હતા. સોમનાથ જીલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામુ પાડીને પવિત્ર ત્રિવેણી સંગમ પર પીંડદાન અને અસ્થીવિસર્જન પર પ્રતિબંધ મુકી દીધો હતો. જેનો સ્થાનિકો અને શ્રધ્ધાળુઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો અને અધિકારીઓની મનમાની બરઆવી ન હતી. બહુચરાજી મંદિર ટ્રસ્ટમાં બહુચરાજી મંદિરમાં 56 ફુટ ઉંચા મંદિર બનાવવાના 15 કરોડ ખર્ચયા પછી ખબર પડી કે મંદિર 49 ફુટ ઉંચુ જ બન્યુ અને અધિકારીઓની તથા સત્તાધિશોની અણઆવડત અને અણસમજ છતી થઈ જેના કારણે મંદિર ઉપર વધુ ત્રણ કરોડનું બોજો આવ્યો. હવે તાજેતરના બજેટમાં બહુચરાજી મંદિર માટે નવા નાણાં ફાળવવામાં આવ્યા છે પરંતુ જૂની ગેરનીતિ બાબતે કોઈ નાણાંની રિકવરી થઈ નથી તે પણ અત્યંત દુખદ બાબત છે. ગુજરાતમાં આવેલા દેવસ્થાન ટ્રસ્ટની અંદર ભૂતકાળમાં જે તે વિસ્તારના ધારાસભ્યશ્રીઓને ટ્રસ્ટી તરીકે નિમણૂક આપવામાં આવતી હતી સાથે સાથે સ્થાનિકો અને ધર્મના જાણકારને પણ ટ્રસ્ટમાં નિમણૂક આપવામાં આવતી હતી જે હવે સદંતર બંધ કરી દેવામાં આવી છે જેના કારણે અધિકારીઓ સ્વચ્છંદ રીતે વર્તીને ધર્મ અને આસ્થા ઉપર પ્રહાર કરી રહ્યા છે. ભૂતકાળમાં પણ આ જ અધિકારીઓ દ્વારા ચીકી માફિયાઓના લાભાર્થે મોહનથાળ પ્રસાદ બંધ કરવામાં આવ્યો હતો પરંતુ કોંગ્રેસ દ્વારા મોહનથાળ પ્રસાદ ચાલુ કરાવવાની માગણી ને ગુજરાતની જનતાનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો અને સરકારે ફરીથી મોનથાળ પ્રસાદ ચાલુ કરવાનો નિર્ણય લીધો હતો.

અંબાજીના સ્થાનિકો તથા માઈ ભક્તોની રજૂઆતના આધારે ગુજરાત કોંગ્રેસ માંગણી કરે છે કે 51 શક્તિપીઠ મંદિરમાં માતાજીની આસ્થા સમાન રાજભોગની કાયમી વ્યવસ્થા કરવામાં આવે તથા 51 શક્તિપીઠમાં પૂજારીઓ ની સંખ્યા એક મંદિર દીઠ એક કરવામાં આવે અને મુખ્ય મંદિરમાં માઇ ભક્તો દ્વારા સાડીઓ ધરાવાય છે તે સાડીઓ અને વસ્ત્રનું એ પ્રમાણે આયોજન કરાય કે જેથી કરીને આ પ્રાણ પ્રતિષ્ઠા કરેલી મૂર્તિઓમાં પણ રોજ વસ્ત્ર બદલાય અને ભાવિકજનો શ્રદ્ધાપૂર્વક દર્શન કરી શકે તેવી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલને નમ્રતા પૂર્વક વિનંતી કરેલ છે.

ઉપરોક્ત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ સમિતિના બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ શ્રી ડામરાજી રાજગોર ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી હેમાંગ રાવલ
કોકન્વીનર અને પ્રવક્તા

**બીડાણ :** **મુખ્યમંત્રીશ્રીને પત્ર, 11/5/2022 નો દેવસ્થાન ટ્રસ્ટનો પત્ર, વેબસાઇટ અને એપ્લિકેશનના સ્ક્રીન શોટ**

← Post

DD News Gujarati
@DDNewsGujarati

Follow

➡️પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે વિશ્વનાં સૌથી મોટા લાઈટ એન્ડ સાઉન્ડ-શોનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરાવ્યો શુભારંભ

➡️મુખ્યમંત્રીએ યાત્રાધામની મોબાઈલ એપ તથા અંબાજી ટેમ્પલ બુકિંગ વેબસાઈટ કરી લોન્ચ

@Bhupendrapbjp @TempleAmbaji #Ambaji

Translate post






8:05 · 09 Apr 22

**1** Repost **7** Likes

Post your reply



દાંતા તાલુકાના પેથાપુર પાતાળીયા નજીક એક મેજર બ્રિજ લોકો માટે બનાવવામાં આવ્યું છે. અંબાજી મંદિરને વિવિધ સુવિધાઓ અને વિકાસના કામો સહિત મંદિર ટ્રસ્ટ અન્ય માહિતી લોકોને ઘરે બેસીને મળી રહે તે માટે મંદિર ટ્રસ્ટ એક મોબાઇલ એપ્લિકેશન બનાવી છે. જ્યારે આગામી 26 મી જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિનની ઉજવણી રાજ્યકક્ષાની ઉજવણી બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર ખાતે થનાર છે ત્યારે આ કાર્યક્રમના ઉપલક્ષે અંબાજીના 5 વિકાસશીલ કારણે ૨૫મી જાન્યુઆરીએ ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણી અંબાજી ખાતે ડિજિટલ લોકાર્પણ કર્યું છે જેમાં સુવર્ણ શિખર, મંદિર ટ્રસ્ટની મોબાઈલ એપ્લીકેશન, ગ્રામ પંચાયતની માધ્યમિક શાળાના નવીન મકાન, અંબાજી આરટીઓના વે બ્રીજ સહિત દાંતા તાલુકાના પેથાપુર પાતળિયા નજીક લોક ઉપયોગી મેજર બ્રિજનું લોકાર્પણ અંબાજી ખાતેથી થયાં.






યાત્રાધામ અંબાજી ખાતે ચૈત્રી નવરાત્રિ નિમિત્તે આઠથી દસ એપ્રિલ દરમ્યાન "શ્રી ૫૧ શક્તિ પીઠ પરિક્રમા મહોત્સવ" યોજાશે, જેનું આયોજન રાજ્ય સરકાર, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. ગિરનાર પર્વત ની લીલી પરિક્રમાની પરિપાટીએ શક્તિપીઠ પરિક્રમાનો વિચાર મૂર્તિમંત થયો છે. શક્તિપીઠ પરિક્રમાના પ્રારંભ અવસરે , આવતીકાલે આઠમી એપ્રિલે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અંબાજી ધામ પહોંચીને આદ્યશક્તિ અંબાના પૂજન-અર્ચન કરશે. મુખ્યમંત્રી શ્રી પટેલ અંબાજી ગબ્બર ખાતે ૧૩ કરોડ ૩૫ લાખ રૂપિયા ના ખર્ચે તૈયાર થયેલા લાઇટ એન્ડ સાઉન્ડ શોનું લોકાર્પણ કરશે. અંબાજી મંદિરની અદ્યતન વેબસાઇટના લોન્ચીંગ સાથોસાથ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ની મોબાઇલ એપ પણ શ્રી પટેલ ના હસ્તે લોંન્ચ થશે

## RELATED NEWS

86105



યાત્રાધામ અંબાજીમાં ચૈત્રી નવરાત્રીમાં શ્રદ્ધાળુઓ માટે મંદિર ખુલ્લું રહેતા મોટી

All donations towards the Prime Minister's National Relief Fund(PMNRF) and the National Defence Fund(NDF) are notified for 100% deduction from taxable income under Section 80G of the Income Tax Act,1961""

# ambajitemple.in

Updated 4 days ago

## Domain Information

| | |
|---|---|
| Domain: | ambajitemple.in |
| Registrar: | GoDaddy.com, LLC |
| Registered On: | 2009-08-25 |
| Expires On: | 2028-08-25 |
| Updated On: | 2023-12-15 |
| Status: | clientRenewProhibited<br>clientDeleteProhibited<br>clientTransferProhibited<br>clientUpdateProhibited |
| Name Servers: | ns15.domaincontrol.com<br>ns16.domaincontrol.com |

## Registrant Contact

# Yatradham Of Gujarat

Nascent Info Technologies

Uninstall

Open

## What's new

Last updated Dec 29, 2022

Minor bug fixes and improvements.

## Rate this app

Tell others what you think

☆ ☆ ☆ ☆ ☆

Write a review

## App support

## Join the beta

૬૧

**વહીવટદાર કચેરી**

**શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી**

E-mail-jayambe_ad1@rediffmail.com

www.ambajitemple.org

ક્રમાંક/COVID-19/

પ૧ શક્તિપીઠ,
ગબ્બર કાર્યાલય,
અંબાજી.
તા૬૧/૦૬/૨૦૨૦

પ્રતિ,
વહીવટદારશ્રી,
અંબાજી માતા મંદિર,
અંબાજી.

વિષય:– ભોજનાલયમાંથી આવતો માતાજીનો થાળ COVID-19 ના કેસ દાંતા તાલુકામાં પોઝિટીવ આવવાના કારણે હાલ પુરતો મુલતવી રાખવા બાબત.

સવિનય જણાવવાનું કે હાલમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે.

હાલમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કોરોના વાયરસ (COVID-19) ના કેસો પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના ભાગરૂપે માતાજીના થાળ સપ્લાય કરતી એજન્સીના સ્ટાફની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવાની જરૂર જણાય છે.

તો ઉકત પત્રથી શ્રી અંબિકા ભોજનાલયથી(મોહની કેટરર્સ) આવતા થાળ જ્યાં સુધી કોરોના વાયરસની પરિસ્થિતિ અંકુશમાં ન આવે ત્યાં સુધી ગબ્બર ગોખ/માં ઝુલા/પરિક્રમા માર્ગના મંદિરોમાં તથા દેવસ્થાન ટ્રસ્ટ હસ્તકના પેટા મંદિરોમાં પ્રસાદ તરીકે રેવડી/સિંગ/સાકર ધરાવી માતાજીને શાસ્ત્રોકત વિધી પ્રમાણે પ્રસાદ ધરાવવાનું રાખીએ તેમજ પરિસ્થિતિ અંકુશમાં આવ્યા બાદ પુન: માતાજીના થાળ આપશ્રીના આદેશથી ચાલુ કરીશું. યોગ્ય આદેશાર્થે સાદર.

નિરીક્ષક
પ૧ શક્તિપીઠ,ગબ્બર
અંબાજી.

<u>નકલ સવિનય રવાના:–</u>

(૧) મેનેજરશ્રી,
અંબિકા ભોજનાલય,
અંબાજી.
(૨) મોહની કેટરર્સ,
અંબાજી યુનિટ,
અંબાજી.

ઈનવર્ડ ક્લાર્ક
શ્રી આરાસુરી અંબાજી માતા
દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી.